**ઇ-મેઇલ દ્વારા**

| | | |
|---|---|---|
| **પ્રતિ** | - | ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર |
| **જાણ** | - | પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર. |
| **પ્રેષક** | - | પોલીસ અધિક્ષકશ્રી ભાવનગર. |
| **ક્રમાંક** | - | કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૩૯૩/૨૪, તા.૧૫/૦૭/૨૦૨૪ |
| **આધાર** | - | અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે. |
| **વિષય** | - | વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત. |

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેક્સ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૦૮/૦૭/૨૦૨૪ થી તા.૧૪/૦૭/૨૦૨૪ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.
૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.
૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.
૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.
૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.
૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.
૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.
૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.
૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.
૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.
૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.
૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.
૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.
૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.
૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.વી.ડામોર )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

